# સચિવાલય સંકુલને દિપડાએ ગિરફતમાં લીધુ

**ચ માર્ગ પર લટાર મારીને મોડી રાત્રે દિપડાએ ગેટ નં-૭ પરથી નવા સચિવાલયમાં એન્ટ્રી લીધી : દિપડો સચિવાલયમાં ઘુસ્યો હોવાની જાણ થતા વનતંત્રની ટીમ વહેલી પરોઢથી દોડતી થઇ : સી સી ટી વી ફુટેજના આધારે કલાકો સુધી દિપડાનુ સર્ચ ઓપરેશન હાથ ધરાયુ : સાબરકાંઠા , બનાસકાંઠા,અરવલ્લી, જુનાગઢ અને ગાંધીનગર જિલ્લા સહીત ૨૦૦ થી વધુ કર્મચારીઓની ટીમ દિપડાને કેદ કરવા કામે લાગી : સચિવાલય સંકુલમાં લુપાછુપી રમીને ભાગી છુટેલો દિપડો પુનિત વન પાસેના ગરનાળામાં લોકેટ થતા વનતંત્રએ બેભાન કરી પાંજરામાં કેદ કર્યો : નવા સચિવાલયમાં કર્મચારીઓ ગેટ પર જ ખડા થઇ ગયા : કર્મચારીઓથી ધમધમતા સચિવાલય સંકુલમાં સુનકાર પ્રવર્તાયો : કલાકો સુધી વહીવટી કામકાજ પણ ઠપ્પ થઇ ગયુ**

ગાંધીનગર તા ૫ ગાંધીનગરમાં સુરક્ષાની દ્રષ્ટીએ સંવેદનશીલ અને હાઈપ્રોફાઈલ ગણાંતા નવા



સચિવાલય સંકુલમાં આજે વહેલી સવારે દિપડાએ એન્ટ્રી લેતા નગરમાં હાહાકાર મચી ગયો હતો. દિપડાએ ચ માર્ગ પર સ્થિત ગેટ નં-૭ પરથી એન્ટ્રી લીધી હોવાનુ સી સી ટી વી ફુટેજના આધારે ધ્યાને આવતા વનતંત્રના અધિકારીઓ પરઢીયાના સમયે જ સચિવાલય સંકુલ દોડી આવ્યા હતા. આડા દિવસે કર્મચારીઓના ધમધમાટ અને વહીવટી કાર્યભારથી ધમધમતા સચિવાલય સંકુલમાં દિપડાના આગમનના લીધે સુનકાર છવાઈ ગયો હતો. ઓફિસ અવર્સ



શરૂ થઈ ગયા બાદ દિપડાની શોધખોળ ચાલુ રહેતા કર્મચારીઓને અંદર પ્રવેશ બંધ કરી દેવાયો હતો. જયારે વનતંત્ર



અને પોલીસ સ્ટાફ સિવાય સચિવાલમાં નો એન્ટ્રી કરી દેવાઈ હતી.જેના લીધે સચિવાલય સંકુલ બહાર જ કર્મચારીઓ ખડા થઈ ગયા હતા. દિપડાએ સચિવાલયમાં એન્ટ્રી લીધી હોવાના સમાચાર વાયુવેગે નગરમાં પ્રસરતા સચિવાલય સંકુલ બહાર નાગરિકોનુ પણ ટોળુ એકત્રિત થયુ હતુ. જો કે લાંબા સમયના સર્ચિંગ બાદ પણ દિપડો હાથ ન લાગતા વનતંત્રએ સી સી ટી વીના ફુટેજની ચકાસણી કરી દિપડાની હિલચાલનુ

● અનુસંધાન પાન-૫ પર

## વનવિભાગના અધિકારીઓએ પક્ષીઓના કોલ - પગમાર્કના આધારે તપાસ કરી

મોડી રાત્રે સિચવાલયમાં ધુસેલા દિપડાને પકડવાના સંપુર્ણ ઓપરેશન દરમિયાન વનવિભાગના ઉચ્ચ અધિકારી જી કે સિન્હા, નિયામક ગીર ફાઉન્ડેશન આર ડી કંબોજ અને ઈન્દ્રનીલસિંહ બારડ હાજર રહ્યા હતા. પુનીત વન પાછળના વિસ્તારમાં પક્ષીઓના કોલ તેમજ પગમાર્ક જોતા વાઈલ્ડરનેસ પાર્કમાં છુપાયો હોય તેવી શક્યતા પણ વ્યકત કરાઈ હતી. એક તબતક્કે નાળામાં દિપડો દેખાઈ ગયો હતો. પરંતુ નાળાનો બીજો ભાગ ખુલ્લો હોવાના લીધે પુનિત વન તરફના જંગલમાં દિપડો જતો રહ્યો હતો. આ બાબતે બનાસકાંઠાની ટીમ અત્યંત આધુનિક પધ્ધિતથી કામગીરી કરતી હોય તેવુ દેખાઈ રહ્યુ હતુ. આ બાબતે બનાસકાંઠા વનતંત્રના કર્મચારીઓને પુછતા તેમણે જણાંવ્યુ હતુ કે અમારા વિસ્તારમાં દર બીજા કે ત્રીજા દિવસે દિપડાઓ અને રીંછ ગામડાઓમાં ઘુસી જતા જોવા મળે છે. આ બાબતે અમારો સ્ટાફ આધુનિક સાધનો તેમજ હથિયારો ધરાવે છે. ૧૧ જિલ્લામાં માત્ર બનાસકાંઠાની ટીમ પાસે જ આવો ડ્રેસ તેમજ હથિયારો જોવા મળ્યા ગાંધીનગર પાટનગર હોવાછતા માત્ર ટ્રાન્કવેલાઈઝ ગન અને લાકડીઓ સિવાય કોઈ સાધનોં જોવા મળતા ન હતા. જો કે જુનાગઢ , વડોદરા અને સાબરકાંઠાની ટીમ પણ બેભાન કરવાનુ સાધન લઈને આવ્યા હતા. વન વિભાગની પ્રસંશનીય કામગીરી જોવા મળી હતી. એક તબક્કે ગીર ફાઉન્ડેશનના નિયામક ડી એફ ઓ તેમજ રેન્જર ખડેપગે જોવા મળ્યા હતા.

## તાબડતોબ સચિવાલયના પ્રવેશદ્વારે ગ્રીલ લગાવી દેવાઈ

નવા સચિવાલય સંકુલમાં મોડીરાત્રે દિપડો ઘુસી જતા શહેરમાં હાહાકાર મચી ગયો હતો . વનતંત્રની ટીમ યુધ્ધના ધોરણે કામે લાગી હતી. સમગ્ર રાજયના વહીવટનો જયાંથી દોરી સંચાર થાય છે તેવા સચિવાલય સંકુલને દિપડાએ ગિરફતમાં લેતા સલામતી વ્યવસ્થા સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો હતો. જો કે સી સી ટી વી ફુટેજના આધારે દિપડાની હિલચાલની જાણ મેળવી વનતંત્રએ સચિવાલય સંકુલમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ. દિપડો પુનિતવન પાસેના ગરનાળામાં પાંજરામાં કેદ કરી લેવાતા વનતંત્રના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. દિપડો સચિવાલયના ગેટ નં-૭ માં ગેટની નીચેના ભાગમાંથી પ્રવેશતો દેખાય છે. જયારે ભવિષ્યમાં આ પ્રકારે કોઈપણ જાનવર પ્રવેશી ન શકે તે માટે તાબડતોબ સચિવાલય સંકુલના ગેટની નીચેની જગ્યાને કવર કરવા માટે તંત્ર દ્વારા સળિયાની ગ્રીલ પણ ફીટ કરી દેવામાં આવી હતી.

## અગાઉ પીંડારડાના ખેતરમાં પણ દેખાયો હતો

અગાઉ પીંડરાડા ગામના ખેતરોમાં દિપડાએ દેખા દીધી હતી.તેમ ત્યાંના ખેડુતો જણાંવતા હતા. આ બધી શક્યતાઓ જોતા દિપડો ગાંધીનગરની આસપાસ તેમજ શહેરમાં છેલ્લા અઠવાડીયા દસ દિવસથી રહેતો હોવો જોઈએ એવી શક્યતાઓ પણ વ્યકત કરવામાં આવી રહી છે.

**દિપડો એક રાતમાં ૩૦ કી મીનુ અંતરા કાપી શકે**

આ દિપડો સાડા ત્રણથી ચાર વર્ષનો હોય તેમ જણાંઇ આવ્યુ છે. જયારે નર દિપડો અગાઉ પણ જે દિપડા ગાંધીનગરમાંથી પકડાયા તે તમામ નર દિપડા જ પકડાયા છે. આ દિપડા શિયાળાની ઋુતુમાં રાત્રિના સમયે ૨૫ થી ૩૦ કી મી જેટલુ અંતર કાપી નાંખી છે.

**દિપડાને કેદ કરવા ગરનાળાને એકબાજુથી બંધ કરી દેવાયુ**

બનાસકાંઠાની વન વિભાગની રેસ્કયુ ટીમ વૈજ્ઞાનિક અભિગમથી દિપડાને જબ્બે કરવા પ્રયત્નો કર્યા હતા. આખરે દિપડો ગરનાળામાં ગોઠવેલા ટ્રેપમાં પરત મોકલી આપવામાં સફળ થયા હતા. ગરનાળામાં દિપડો અંદર જતા જ બીજીબાજુ નાળુ બંધ કરી દેવાયુ હતુ. અને જુનાગઢના ડોકટર દ્વારા દિપડાને બેભાન કરવાનુ ઈન્જેકશન ડાટ આપવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ ડાટ નિષ્ફળ ગયો પરંતુ બીજા ડાટમાં દિપડો ૨ : ૫૭ કલાકે બેભાન થઈ ગયો હતો. અંદાજિત ૧૦ થી ૧૫ મિનિટમાં બનાસકાંઠાની તેમજ ગાંધીનગરની ટીમ દ્વારા દિપડાને પાંજરામાં લાવી પાંજરુ સીલ કરી દેવાયુ હતુ ત્યારબાદ તાત્કાલિક ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના મીની ઝુ માં ખસેડવામાં આવ્યો હતો. ત્યાં તેની સઘન સારવાર કરી નિરિક્ષણ હેઠળ રાખવામાં આવ્યો છે.









## સચિવાલયમાં દિપડાને પગલે કર્મચારીઓને બપોર સુધી બહાર રહેવું પડ્યું

જયાંથી સમગ્ર રાજયનો વહીવટ થાય છે, તે સચિવાલય સંકુલમાં ગત મોડીરાત્રે દિપડો અંદર પ્રવેશતા હાહાકાર મચી જવા પામ્યો હતો. દિપડાને પગલે અધિકારી-કર્મચારીઓની સલામતીને પગલે તંત્ર દ્વારા કોઈને પણ અંદર પ્રવેશવા પર પ્રતિબંધ લગાવી દીધો હતો. જયારે દિપડાને પાંજરે પુરવા માટે વનવિભાગની વિવિધ ટીમ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યા હતા. જેને પગલે સવારથી નોકરીએ આવેલા કર્મચારીઓને પ્રવેશ ન મળતા બહાર બેસી રહેવાનો વારો આવ્યો હતો. જયારે સવારે ૧૦.૩૦ આસપાસના સમયે તો સચિવાલયના તમામ ગેટ પાસે અધિકારી-કર્મચારીઓ મોટીસંખ્યામાં નજરે પડયા હતા. તો બીજી તરફ માર્ગ પર આડેધડ વાહનના ખડકલાને પગલે ટ્રાફિક જામની સમસ્યા સર્જાતા તંત્રએ ક્રેઈન બોલાવી વાહનો ખસેડવાની જરુર પડી હતી. આખરે ૧૨.૩૦ કલાકની આસપાસ વન વિભાગની ટીમની ચકાસણી બાદ તેઓએ દિપડો સંકુલમાં ન હોવાનું જણાતા તંત્ર દ્વારા લીલીઝંડી આપવામાં આવતા કર્મચારીઓને અંદર પ્રવેશ આપવામાં આવ્યો હતો. ગેટ બહાર બેસીને કંટાળેલા કર્મચારીઓ અંદર પ્રવેશ મળતા જ ઓફીસ પહોંચીને કામકાજનો પ્રારંભ કર્યો હતો.



## વેપારીઓનો ચા-નાસ્તાનો સ્ટોક ગણતરીના કલાકમાં પુરો થઈ ગયો

સચિવાલય સંકુલમાં દિપડો અંદર ઘુસતા સમગ્ર સચિવાલયને લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. સંકુલમાં માત્ર વન વિભાગની ટીમ અને પોલીસ તંત્ર સિવાય કોઈને પણ અંદર પ્રવેશ માટે મંજુરી આપવામાં આવી ન હોતી. ત્યારે સચિવાલયમાં ફરજ બજાવતા કર્મચારીઓ પોતાના નિયત ગેટ પાસે એકઠા થઈ ગયા હતા. પરંતુ અંદર પ્રવેશ ના હોવાથી તેઓ ચા-નાસ્તો કરીને લારી પર બેસી સમય પસાર કર્યો હતો. તમામ ગેટની આસપાસ આવેલ ચા-નાસ્તાની લારીઓ કર્મચારી અને મુલાકાતીઓથી ઉભરાતી હતી. ત્યારે સતત વેપારીઓને વેપાર મળી રહેતા ગણતરીના કલાકોમાં લાવેલ સ્ટોક પૂર્ણ થઈ ગયો હતો. જયારે કેટલાક કર્મચારીઓ મીના બજાર ખાતે જમવા માટે દોડી પહોચ્યા હતા. જયારે કર્મચારીઓ બહાર મોટીસંખ્યામાં ઉમટી પડ્યા છે તેવા મેસેજ અન્ય વેપારીઓને મળતા તેઓ પણ પોતાની રેકડીઓ લઈ ત્યાં આવી પહોંચ્યા હતા અને વેપાર ધંધો કરતા નજરે પડ્યા હતા.

## ગાંધીનગરમાં અત્યાર સુધી પાંચ વાર દિપડો દેખાયો

છેલ્લા સાત વર્ષમાં પાંચ જેટલા દિપડાએ ગાંધીનગર શહેરમાં દેખા દીધી હતી જેમાંથી ત્રણ દિપડા વન વિભાગના પાંજરમાં પુરાયા હતા જયારે બે વાર દિપડોં છટકી ગયો હતો. આ દિપડા માટે એક એવી પણ શક્યતા દર્શાવામાં આવે છે કે થર્મલ પાવર સ્ટેશનમાં કોલસો લઈ જતી ટ્રેઈનના ડબ્બા પરથી આ દિપડો ગાંધીનગરમાં પ્રવેશ્યો હોય શકે આ દિપડો છેલ્લા કેટલાક દિવસોથી આસપાસના ફરી રહ્યો હોય તેવી સંભાવના પણ રહેલી છે. ગત દિવસોમાં અરણ્યપાર્ક બાજુ ઘાયલ હાલતમાં નીલગાયનુ બચ્ચુ મળી આવ્યુ હતુ. તેમજ સે-૧૭ ના બગીચાની આસપાસ રાત્રિના સમયે વાંદરા અને મોરનો એલારાર્મ કોલ સતત ચાલી રહ્યો હતો. જયારે કુતરાઓ પણ સતત ભસ્યા કરતા હતા. આ બધી શક્યતાઓ બાબતે જે તે સમયે શંકા પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા કરવામાં આવી હતી. પરંતુ દિપડો ગાંધીનગરમાં ન જ હોય તેવી પ્રબળ માન્યતાના કારણે આ શક્યતાને નકારી કાઢવામાં આવી હતી.તેમ પણ પ્રકૃતિ પ્રેમીઓ જણાંવી રહ્યા છે.

## દિપડો પ્રથમવાર પકડાયો હશે તો ચીપ લગાવાશે

દિપડો ભુતકાળમાં પકડાયો છે કે નહી તે અંગે તેના થાપાના ભાગમાં ચીપ ફીટ કરી છે કે કેમ તે અંગેની તપાસ કરવામાં આવી રહી છે. તેમજ દિપડો પ્રથમવાર પકડાયો હશે તો ત્યાં ચોખાના દાણા જેવી ચીપ નંબર સહીત ફીટ કરવામાં આવશે. જો બીજી કે ત્રીજીવાર પકડાયો હશે તો તેને કાયમી ધોરણે ઝુ માં રાખવામાં આવશે શક્કરબાગ મોકલી દેવાશે તેમ પણ મનાઈ રહ્યુ છે. જયારે પ્રથમવાર જ પકડાયો હશે તો તપાસના અંતે સાબરકાંઠા કે બનાસકાંઠાના જંગલમાં મુક્ત કરાશે.





**Tender** **Mahatma Mandir Convention Center**

Industrial Extension Bureau (iNDEXTb), managing Mahatma Mandir Convention Center, invites online tender for **Supply and Fixing of Acrylic Sheets with desired printing as per design at Mahatma Mandir, Gandhinagar, Gujarat.** Interested agencies can view and download the document from website www.indextb.com and www.nprocure.com during 06/11/2018 to 22/11/2018. Last date of submission is 22/11/2018.

**Managing Director**
Industrial Extension Bureau,
18/2, Udyog Bhavan, GH-4 Circle,
Sector-11, Gandhinagar 382011,
Phone : 079-23250492/93

iNDEXTb INDUSTRIAL EXTENSION BUREAU (A GOVT. OF GUJARAT ORGANISATION) ISO 9001 : 2015 Certified


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com